ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧૨-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી....

દેવયાની ખોબ્રાગડેનો મામલો ગૂંચવાતો જાય છે

અમેરિકાના ભારતીય દૂતાવાસનાં ઉચ્ચ અધિકારી દેવયાની ખોબ્રાગડેની ધરપકડ અઠવાડિયા પહેલાં અમેરિકાની સરકારે કરી. આમ તો દૂતાવાસના કોઈપણ ઉચ્ચ અધિકારીને ડિપ્લોમેટ તરીકેની સુરક્ષા મળી હોય છે. અને પ્રોટોકોલનું સન્માન દરેક દેશ જાળવે છે. આમ છતાં ભારતીય દૂતાવાસના વાણિજય કક્ષામાં ઉચ્ચ અધિકારી તરીકે કામ કરતાં ૩૯ વર્ષના ભારતીય પરદેશી સેવા (આઈએફએસ)નાં અધિકારી દેવયાની ખોબ્રાગડેની જયારે ધરપકડ થઈ ત્યારે શરૂમાં એવું લાગ્યું કે અમેરિકન પોલીસે કાચું કાપ્યું છે, અને થોડી રજૂઆત પછી તેમને છોડી મૂકવામાં આવશે. પરંતુ, એમ ન થયું એટલે બંને દેશો વચ્ચે દાવ પેચ શરૂ થયાં. જેવા સમાચાર મળ્યા કે તરત જ ભારતીય વિદેશ સચિવે આ પ્રોટોકોલનો ભંગ છે તેવી રજૂઆત કરતાં સાવ સામાન્ય જવાબ મળ્યો. પરંતુ, દેવયાનીને મુક્ત ન કરાયાં. તે દરમિયાન વાત બહાર આવી કે દેવયાનીએ એક ભારતીય નોકરાણી રાખી હતી અને અમેરિકાના કાયદા મુજબ કલાકના હિસાબે જે લઘુતમ વેત મળવું જોઈએ તે આ નોકરાણીને દેવયાનીએ નહોતું આપ્યું. આ અમેરિકાના કાયદાનો ભંગ છે. સામે રજૂઆત કરવામાં આવી કે આવું હોય તો અમેરિકન સરકારે રજૂઆત કરવી જોઈએ. દેવયાનીને મુકત ન કરતાં ભારત સરકારે દિલ્હીના અમેરિકન દૂતાવાસને જે વિશેષ સગવડો મળતી હતી તે પાછી ખેંચી લેવા માંડી. તેની ઓફિસ સામેના બેરીકેડો હટાવીને રસ્તો સુરક્ષા વિહીન કરી દેવાયો. તેમને હવાઈ મથક માટે જે પાસ મળતા તે પાછા ખેંચાયા. એટલું જ નહિ, પણ ભારતના અમેરિકન દૂતાવાસમાં જે ભારતીયો કામ કરે છે તેને શું પગાર મળે છે તથા કેવી સગવડો મળે છે તેની માહિતી માગી. અમેરિકાને લાગ્યું કે ભારત કડક બની રહ્યું છે, એટલે અમેરિકન વિદેશ મંત્રી કેરીએ દિલગીરી દર્શાવી. આ દિલગીરીથી વાતાવરણ થોડું હળવું પડ્યું ત્યાં ફરી પાછું દેવયાની સાથે અમેરિકન પોલીસે કેવો વ્યવહાર કર્યો તે બહાર આવ્યું. તેમની નગ્ન કરીને તપાસ કરી, તેમને અન્ય ચોર-નશાબાજો સાથે રાખવામાં આવ્યા, તેને ભારતના ઉચ્ચ અધિકારીને મળતી સગવડો ન અપાઈ. આથી ભારતમાં મામલો વધુ ગરમ બન્યો. દેવયાનીના પિતા દલિત આઈ.એ.એસ. અધિકારી હતી. તેઓ શિંદેને મળ્યા અને મામલો ફરી ગરમાયો. અમેરિકન વિદેશમંત્રી કેરીએ આપણા વિદેશમંત્રી સલમાન ખુરશીદ સાથે વાત કરવાની કોશિશ કરી, તો ખુરશીદ તરફથી કોઈક કારણોસર પ્રત્યુત્તર મળી ન શકયો. છેવટે કેરીએ નીચલા અધિકારી સાથે વાત કરી ખુલાસો કર્યો, જે ન સ્વીકારાયો. આ બધું બનતું હતું તે દરમિયાન ઓબામાના વહીવટમાં કામ કરતા પ્રીત ભરારાએ દેવયાનીનો વાંક કાઢતું નિવેદન કર્યું. તેને કહ્યું કે દેવયાની સાથે કોઈ દુર્વ્યવહાર નથી કરવામાં આવ્યો. તેમને હાથકડી નથી પહેરાવાઈ. તેમની તપાસ મહિલા પોલીસે લીધી છે. પુરુષ પોલીસે નહીં. અમેરિકાના કાયદા મુજબ આ પગલું બરાબર છે.

આ ભરારા પ્રકરણ ખૂલતાં એક નાના ગુના બદલ ભારતીય દૂતાવાસના ઉચ્ચ અધિકારીની ધરપકડ શા માટે થઈ તે વાત સમજાઈ ગઈ. હવે, આ પ્રીત ભરારા અમેરિકામાં આગળ વધવા માંગે છે. ચૂંટણી લડવા માંગે છે, અને તેથી અગાઉ પણ ભારતીયોને હેરાન કરી ચૂકયો છે. એટલે એક નવો ફણગો બહાર આવ્યો છે, કે ભરારાએ દેવયાનીની નોકરાણીને ચડાવીને તેને દેવયાની સામે ફરિયાદ કરવા માટે પ્રેરી છે. બાકી તો તે નોકરની સામે ભારતમાં કેસ ચાલે જ છે. તે દરમિયાન તેને અમેરિકા કોણ લઈ ગયું અને તેને ફરિયાદ કરવા માટે કોણે પ્રેરી? હવે પ્રીત ભરારાએ ભારતીય ડેપ્યુટી કાઉન્સિલ જનરલ સામે અમેરિકાના જે કાયદાનો ઉપયોગ કર્યો તે રશિયા કે ચીનના દૂત સામે કરી શકયા હોત? આ વલણ બદલ પ્રીત ભરારા માટે અમેરિકાના છાપાઓએ પ્રશંસાના પુષ્પો વેર્યા. ભારત એક સોફટ રાજય છે અને અમેરિકા જગત જમાદાર છે. માટે આ બનાવ બન્યો છે તે વાત પ્રીત ભરારાના પ્રસંગ પછી જગજાહેર થઈ ગઈ.

આ દરમિયાન અમેરિકા ફરી કડક બન્યું. તેણે દિલગીરી દર્શાવી. ભારતે માફી માગી દેવયાનીને છોડી મૂકવાનું કહ્યું તે માગણી તેણે ઠુકરાવી દીધી. તેણે એમ પણ કહ્યું કે અમેરિકન કાયદો તેનું કામ કરશે. હવે જો આ કાયદા મુજબ કેસ ચાલે તો તે દરમિયાન દેવયાની અમેરિકા ન છોડી શકે. આથી ભારત સરકારે દેવયાનીની બદલી અમેરિકામાં જ દૂતાવાસમાંથી લઈને યુનોની ઓફિસમાં ભારતીય પ્રતિનિધિ તરીકે કરી નાખી. આમ, આ મામલો ગૂંચવાઈ ગયો છે. ભારતના વડાપ્રધાન મનમોહનસિંઘે વિદેશમંત્રીને આ મામલો હલ કરવા આદેશ આપી દીધો છએ. ભારતના વિદેશ ખાતાના અધિકારીઓ અમેરિકાના વિદેશ અધિકારીઓ સાથે વાત કરી રહ્યા છે. આ મુત્સદ્દીગીરીથી પણ જો મામલો હલ નહિ થાય તો આખી વાતને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જઈ ભારતે અમેરિકા વિરોધી વાતાવરણ બનાવવું પડશે. આ મામલે ભારતને રશિયા, ચીન અને ઈરાન કામ લાગશે.

ફૂટબોલની ફાઈનલમાં ગાંધીનગરની ટીમ ચેમ્પિયન

ખેલમહાકુંભ અંતર્ગત ૧૬ વર્ષથી ઉપરની બહેનોની ફૂટબોલ ફાઈનલ મેચમાં ગાંધીનગર અને વડોદરાની ટીમો ટકરાઈ હતી. જેમાં ગાંધીનગરની ટીમે બાજી મારી ચેમ્પિયન બની હતી. જેમાં વિજેતા ટીમને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલના વરદહસ્તે ટ્રોફી અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

આવતીકાલે રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૨

વિભાગીય ગ્રાહત હિત સુરક્ષા સમિતિ દ્વારા તા. ૨૨ ડિસેમ્બરથી ૨૮ ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રાહક દિવસ મનાવવામાં આવશે.

વિભાગીય ગ્રાહત હિત સુરક્ષા સમિતિ ગાંધીનગર દર વર્ષે રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી કરે છે. જેમાં ગ્રાહકોને લોભામણી અને છેતરામણીથી દુર રહેવાની સમજ આપવામાં આવે છે. સમિતિ દ્વારા શહેરમાં તા. ૨૨ થી ૨૮ ડિસેમ્બર દરમિયાન અલગ અલગ કાર્યક્રમ યોજવામાં આવશે.

તા. ૨૪ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગ્રાહક દિવસ હોવાથી ગ્રાહક સુરક્ષા સમિતિ દ્વારા શહેરમાં અનેક કાર્યક્રમ યોજશે. જેમાં તા. ૨૩ના રોજ વિશ્રામગૃહ સે-૨૧માં લોકદરબાર, ૨૪ના રોજ શાંતિનિકેતન સ્કુલ સે-૨૯માં વિદ્યાર્થી શિબિર, તા. ૨૪ના રોજ લેબર ઈન્સ્ટીટયુટ સે-૨૪માં લોક દરબાર, તા. ૨૫ જીઈબી કોલોની લોક દરબાર, તા. ૨૬ સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ સે-૨૪ વિદ્યાર્થી શિબિર, તા. ૨૭ વસંતકુંવરબા હાઈસ્કુલ સે-૨૮ મહિલા શિબિર અને તા. ૨૮ ના રોજ મહારાણા પ્રતાપ વિદ્યાલય સે-૩૦માં વિદ્યાર્થી શિબિર યોજવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમમાં ગ્રાહકોને છેતરાતા રોકવા અને ખરીદી વખતે ધ્યાનમાં રાખવાના સુચનો જણાવવામાં આવશે એમ ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિના પ્રમુખ ચતુરજી ઠાકોરે જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

હવે હું એક સુંદર પ્રેમ - કાવ્ય સંભળાવીશ... કેમકે.. હમણાં જ સમાચાર મળ્યા કે મારા છુટાછેડાનો કેસ હું જીતી ગયો છું..

ગાંધીનગરમાં ખેલ મહાકુંભની ફૂટબોલ અને રસ્સા ખેંચની ફાઈનલ મેચ યોજાઈ

રસ્સા ખેંચની ફાઈનલ સ્પર્ધામાં ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના ભાઈઓના વિભાગમાં પાટણ અને બહેનોના વિભાગમાં મહેસાણાની ટીમ વિજયી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેકટર-૧૫ ખાતે આજરોજ ખેલ મહાકુંભની રસ્સા ખેંચ અને ફૂટબોલની ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. ફૂટબોલની ફાઈનલ સ્પર્ધાનો શુભારંભ મહિલા અને બાળ વિકાસના રાજય મંત્રી શ્રી ને. વસુબેન ત્રિવેદીના હસ્તે કરાયો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી શ્રી રમણભાઈ વોરાએ ૬૦ વર્ષથી ઉપરના ભાઈ અને બહેનોના વિભાગની રસ્સા ખેંચની સ્પર્ધા નિહાળી હતી.

ગાંધીનગરના આંગણે આજરોજ ખેલ મહાકુંભની ફૂટબોલ અને રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી. આજે બપોરના સુમારે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેકટર-૧૫ ખાતે સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાએ ૬૦ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનોની રસ્સા ખેંચ રસાકસી ભરી સ્પર્ધા નિહાળી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર વડીલો ખૂબ જ ઉત્સાહથી આ સ્પર્ધા રમી રહયાં હતા.

૬૦ વર્ષથી ઉપરના ભાઈઓની રસ્સા ખેંચ સ્પર્ધાની ફાઈનલ મેચ મહેસાણા અને પાટણ વચ્ચે યોજાઈ હતી. જેમાં પાટણ જિલ્લાના ભાઈઓની ટીમ વિજેતા બની હતી. જયારે બહેનોના વિભાગની ફાઈનલ સ્પર્ધા મહેસાણા અને ગાંધીનગર ગ્રામ્યની ટીમ વચ્ચે યોજાઈ હતી. બહેનાની રસ્સા ખેંચ સ્પર્ધામાં મહેસાણા જિલ્લાની ટીમનો વિજય થયો હતો.

ભાઈઓ અને બહેના વિભાગમાં વિજેતા થનાર ટીમના ખેલાડી અને રનર્સપ રહેનાર ટીમના ખેલાડીઓને મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે ગોલ્ડ અને સિલ્વર મેડલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ રસ્સા ખેંચની સ્પર્ધાને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક-વૃતિ વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા સહિત સ્પોર્ટસ ઓથોરીટીના અધિકારીશ્રીઓ મનભરીને નિહાળી હતી.

સિસ્ટેમેટિક પદ્ધતિએ પાડેલી નાની બચતની આદત ભવિષ્યના મોટા ખર્ચા ઉઠાવવામાં મદદરૂપ થશે

મની વિઝન
- સમીર રાબી

તાજેતરમાં કેટલાક વર્ષોમાં અમેરિકા સહિત વિશ્વના તમામ દેશોએ વૈશ્વિક મંદીનો અનુભવ કર્યો હતો. સબપ્રાઇમથી શરૂ થયેલી આ મંદીમાંથી અમેરિકા તો બેઠું થઇ ગયું, યુરોપ પણ કેટલાક દેશોને બાદ કરતાં લગભગ બહાર આવી ગયું છે. એશિયામાં મોટા ભાગના દેશોમાં પ્રજા મોંઘવારીનો ભાર વેંઢારીને લડત આપી રહી છે. ભારત આર્થિક રીતે મજબૂત હોવાનો દાવો અનેકવાર નાણાંમત્રી કરતા રહે છે પરંતુ હજુ પણ કેટલાક પ્રોબ્લેમ હોવાનો એકરાર કરી જલ્દી તેમાંથી બહાર આવી જઇશું તેવી હૈયાધારણ પણ આપતા રહે છે. પરંતુ ભારતમાં જો કોઇએ આ પરિસ્થિતિનો મક્કમ મને સામનો કરી તેમાંથી શેર-માર્કેટ ગગડી જશે તેવો અપયશ વ્હોરીને પણ યોગ્ય નિર્ણયો લીધા હોય તો તે રીઝર્વ બેંકના પૂર્વ ગર્વનર સુબ્બારાવ હતા. જો કે સુબ્બારાવના અનુગામી રઘુરામ રાજને પણ એ જ રસ્તે ચાલવાના સંકેતો આપી એક 'હાશ' જાળવી રાખી છે.

આ બધી મોટી મોટી વૈશ્વિક બાબતોમાં સામાન્ય માણસનો રસ ઓછો હોય છે અને મોંઘવારી સામે એક સાંધતા તેર તૂટે વાળી પરિસ્થિતિમાં તેને પોતોના ઘરની બહારની બાબતો અંગે વધુ વિચારવામાં રસ ન હોય તે સ્વાભાવિક છે. તેને તો બાળકોના ભણતરના ખર્ચા, પોતાનું ઘર લેવાનું સ્વપ્ન કે ગાડી લેવાની મહેચ્છા, બાળકોના લગ્નનું આયોજન અને નિવૃત્તિ પછીના જીવન નિર્વાહ માટેની વ્યવસ્થા અંગે જ વિચાર્યા કરવાનું હોય છે.

સદીઓથી આપણા વડવાઓએ બચતનું મહત્ત્વ શિખવાડ્યું છે. ભારતીયોની આ બચત કરવાની આદતના કારણે જ આજે વૈશ્વિક મંદીના સંકટમાં ભારત મજબૂત રહી શક્યું છે તેમજ સામાન્ય ભારતીયજન વધતી જતી મોંઘવારી અને નવીન ખર્ચાળ જીવનશૈલી વચ્ચે અસરકારક સંતુલન જાળવી શકતો યોદ્ધા સાબિત થયો છે. આપણી પોસ્ટલ બચત યોજનાઓ, ગામેગામ ચાલતી નાની બચત યોજનાઓ, રીકરીંગ અને એમઆઇએસ, બેંકોની દૈનિક તથા માસિક બચત યોજનાઓ આપણી 'નાની' બચતનું વિરાટ સ્વરૂપ છે. જો કે આ યોજનાઓમાં મળતાં વ્યાજના દર નીચા હોવાના કારણે આજના સંદર્ભે આ રોકાણો ફુગાવા સામે લડવામાં ઓછા અસરકારક પુરવાર થયા છે. પરંતુ હવે આ બચતકારો પાસે અનેક નવા વિકલ્પો પણ ઉપલબ્ધ થયા છે જેમ કે મ્યુચ્યુઅલ ફંડસ, કોર્પોરેટ ડિપોઝીટ્સ, બોન્ડ, ડિબેન્ચર્સ, શેર્સ ચુલિપ્સ અને ઇટીએફ. આ બધા વિકલ્પોમાં મ્યુચ્યુઅલ ફંડ તેની લવચીકતા (લીક્વીડીટી) અને વૈવિધ્યતા (ડાયવર્સીફિકેશન) ને કારણે વધુ લોકપ્રિય બનતા જાય છે. તેમાં પાછો સિસ્ટેમેટિક પદ્ધતિથી માસિક અથવા ત્રિમાસિક બચત કરી શકવાનો વિકલ્પ વધુ રોકાણકારો આકર્ષી રહ્યો છે. આ વિકલ્પને સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન તરીકે ટૂંકમાં એસઆઇપી એટલે કે 'સિપ' દ્વારા ઓળખવામાં આવે છે. જે રોકાણકારની નિયમિત બચત કરવાની આદતને જાળવી રાખવામાં મદદરૂપ થાય છે અને તેના ટૂંકા કે લાંબા ગાળાના નાણાંકીય આયોજનો સિદ્ધ કરવામાં અસરકારક રીતે મદદરૂપ થાય છે. ખાસ કરીને મધ્યમવર્ગીય રોકાણકાર માટે નાની રકમના રોકાણમાં પણ ઇક્વીટી એકસ્પોઝરનો લાભ મળતો હોવાથી તેઓ 'સિપ'ને વધુ ને વધુ અપનાવી રહ્યા છે.

અહિં અગત્યનો પ્રશ્ન એ છે કે તમે જે ઇન્વેસ્ટ મેન્ટ કરો છો તે રિસેશન એટલે કે મંદી સામે ટકી શકે તેવું અને સાથે સાથે મોંઘવારી સામે લડી શકે એટલે કે ઇન્ફ્લેશન રેટ કરતાં વધુ વળતર આપી શકે તેવું હોવું જોઇએ. આ માટેના અવેલેબલ સાધનો તરફ નજર કરીએ તો ફિક્સ ડિપોઝીટ, ગોલ્ડ, શેર્સ, ચુલિપ અને રીઅલ એસ્ટેટ જેવા વિકલ્પો જોવા મળે છે. આ ઉપરાંત કોમોડીટીઝ પણ એક નવો ઓપ્શન ઉભો થયો છે પરંતુ તે હજુ એટલો લોકપ્રિય નથી. ફિક્સ ડિપોઝીટના વ્યાજના દર લગભગ મોંઘવારીના દરના સમકક્ષ જ રહેતા હોવાથી કોઇ એડિશનલ બેનિફીટ આપી શકતા નથી પરંતુ સુરક્ષિતતાની દૃષ્ટિએ તેમનું સ્થાન અગત્યનું કહી શકાય. રીઅલ એસ્ટેટમાં નાની બચત શક્ય નથી, તેમજ તેમાંથી હવે 'લીક્વીડીટી' ઝડપભેર ઘટી રહી છે. ગોલ્ડ અને ઇક્વીટી માર્કેટ આ બધામાં સારા વિકલ્પ તરીકે ઉભરી આવ્યા છે. પરંતુ ભાવોમાં થતી વધઘટ રોકાણકારનો વિશ્વાસ ડગાવી દે છે. ચુલિપ્સ અગાઉ તેના રાજીસ અને નબળા પરફોર્મન્સને કારણે બદનામ થઇ ચૂક્યા હતા પરંતુ ઇરડાના નવા નિયંત્રણો પછી અત્યારના ચુલિપ્સ ઘણા આકર્ષક જણાય છે પણ જેમ 'દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીવે' તેમ રોકાણકારો રજુ પણ તેનાથી દૂર ભાગી રહ્યા છે વળી, ચુલિપ્સ લાંબા ગાળાના ધ્યેય માટે જ ફીટ બેસે છે. ગોલ્ડ અને ઇક્વીટી માર્કેટમાં સીધા રોકાણના ગેરફાયદા અને જોખમો સામે આજે મ્યુચ્યુઅલ ફંડો દ્વારા આ સાધનોમાં રોકાણ કરવું વધુ હિતાવહ દેખાય છે. પ્રોફેશનલ મેનેજમેન્ટ અને પોર્ટ ફોલિયોની વૈવિધ્યતાને કારણે જોખમમાં ઘટાડો કરવા ઉપરાંત 'સિપ' જેવા સાનુકૂળ અને નાની બચતના સ્વરૂપે પણ સારો વિકલ્પ બનેલ છે. ઇક્વીટી માર્કેટના જોખમોથી દૂર રહેવા માંગતા રોકાણકારો માટે ગોલ્ડ અને દેવાના સાધનો જેવા કે લીક્વીડ ફંડો, બોન્ડ, ડિબેન્ચર્સ વગેરે જેવા સુરક્ષિત કહી શકાય તેવા તેવા ઓપ્શન પણ ઉપલબ્ધ છે જો કે રોકાણકારે આ બધામાંથી કયા વિકલ્પ અપનાવવો તે માટે યોગ્ય ફાઇનાન્શિયલ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરનું માર્ગદર્શન લઇને આગળ વધવું સલાહ ભર્યું છે. ટૂંકા ગાળાના ધ્યેયો માટે દેવાના સાધનો જે 'ડેબ્ટ' તરીકે ઓળખાય છે તેનો સહારો લઇ શકાય તે જ રીતે મધ્યમ અને લાંબાગાળાના આયોજકો માટે બેલેન્સ અથવા ઇક્વીટી કે ગોલ્ડને પ્રાધાન્ય આપી શકાય. વળી તેની સાથે 'ટેક્ષ'ના તત્ત્વને પણ ધ્યાનમાં રાખવું એટલું જ અગત્યનું છે.

નાની બચતની આદત કેળવી અને તેને જાળવી રાખવી. એ ભવિષ્યના આવનારા આર્થિક સંકટો કે ખર્ચાઓને પહોંચી વળવા ખૂબ જ અગત્યની બાબત બની રહે છે. આ માટે 'સિપ' એક અસરકારક રીતે આ આદત જાળવી રાખવામાં મદદ કરે છે. ઉપરાંત નાણાંકીય ધ્યેયો હાંસલ કરવામાં ટેકા રૂપ બની રહે છે.

- samirtalod@yahoo.com